




સુવિચાર : સંત અને વસંત વચ્ચે કોઇ વિખવાદ ન હોઇ શકે, બેઉનું કામ પ્રકૃતિને નવ પલ્લવિત કરવાનું છે.. - ધ્રુવ ભટ્ટ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૬૦ | ૧૦ મે, ૨૦૧૫, રવિવાર ; વૈશાખ વદ - ૬/૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## જિલ્લાની ચાર શાળા 'સ્માર્ટ સ્કૂલ' બનશે

### સરકાર દ્વારા આ શાળાઓ પાછળ ૪૦ લાખ ખર્ચ કરશે : આ શાળાઓને વાઈફાઈ ઝોનથી સાંકળવામાં આવશે : લેપટોપ, એલઈડી ટીવી પ્રોજેક્ટર સહિતના સાધનોથી સજ્જ કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાની ચાર સ્કૂલોને સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવશે. સરકાર દ્વારા પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સ્કૂલોની પસંદગી કરવામાં આવી છે અને તેની પાછળ રૂ. ૪૦ લાખ જેટલો ખર્ચ પણ કરવામાં આવનાર છે.

કલોલ તાલુકાની આમજા અને જામળા પ્રા. શાળા, ગાંધીનગર તાલુકાની રૂપાલ પ્રા. કન્યા શાળા, તેમજ દહેગામની સલકી પ્રાથમિક શાળાની પસંદગી કરવામાં આવી છે. ૨૦૧૩-૧૪ના ગુણોત્સવમાં આ શાળાઓએ 'એ' ગ્રેડ મેળવ્યો હતો.

સ્માર્ટ સ્કૂલ પ્રોજેક્ટ હેઠળ આ શાળાના શિક્ષકોને તાજેતરમાં વિશે તાલિમ આપવામાં આવી છે. શિક્ષણમાં આધુનિક તકનીકનો ઉપીયોગ કરી શૈક્ષણિક સ્તરને વધુ ઉપર લઈ જવાનો અભિગમ આ પ્રોજેક્ટમાં છે.

આ શાળાઓમાં બાયો મેટ્રીક એટેન્ડેન્સ લેવામાં આવશે. આ ઉપરાંત શાળામાં ૬ લેપટોપ, ૨ પ્રોજેક્ટર, પ્રિન્ટર, એલ.ઈ.ડી. ટી.વી. ૪૨ ઈંચના બે નંગ, એલઈડી પ્રોજેક્ટર આપવામાં આવશે. એક શાળા પાછળ સરકાર દ્વારા દસ લાખ રૂ. જેટલો ખર્ચ કરવામાં આવશે.

આ સ્માર્ટસ્કૂલમાં બાલા અને પ્રજ્ઞા શીખવા અને શિખવવા માટે આઈસીટી પ્લેટફોર્મ ડેવલપ કરવામાં આવનાર છે. શિક્ષણનું એક સર્વગ્રાહી મોડેલ આ સ્કૂલ હશે તેવો દાવો શિક્ષણ વિભાગના સૂત્રો કરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ શાળા સંકુલોને વાઈફાઈ ઝોનથી સાંકળી લેવામાં આવશે જેથી ઈ. કનેક્ટીવીટીના કોઈ પ્રશ્નો ઉભા થાય નહિ.

બાળકોનું શૈક્ષણિક સ્તર સુધારણા માટે અહિ જે લેપટોપ આપવામાં આવનાર છે તેમાં ૫૦ થી વધુ જેટલી અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, હિન્દી, ગુજરાતી વિષયની શૈક્ષણિક



સંદર્ભની સીડીઓ પણ આપવામાં આવશે. જેથી બાળકો તેનો સંદર્ભ વાંચન તરીકે ઉપીયોગ કરી શકશે.

આ શાળાઓના શૈક્ષણિક સંકુલને અદ્યતન સુવિધાઓથી સાંકળવા ઉપરાંત શિક્ષકોને પણ પ્રથમ તબક્કામાં વિશેષ તાલિમ અપાઈ છે

● અનુસંધાન પાન-૭ પર





મહારાણા પ્રતાપ જયંતિ - ભારતીય ઈતિહાસમાં શૌર્યતાના પ્રતિકસમા મહારાણા પ્રતાપનું જીવન વીરરસથી ભરપૂર છે... મહારાણા પ્રતાપની ૪૭૫મી જન્મ જયંતિએ ગાંધીનગરના રાજપૂત સમાજ દ્વારા મહારેલી યોજાઈ હતી. રેલીની વિશેષતા એ હતી કે જ્યાં દીકરીઓ પણ વિરતાના પ્રતિકસમી ખુલ્લી તલવારે જોડાઈ હતી... ઈતિહાસમાં રાજપૂતાણિઓની વીરતાના પ્રકરણો વાંચ્યા પછી, રાજપૂત સમાજની દીકરીઓએ સ્મરણ પટ પર પાત્રોને જીવંત કર્યા હતા... રાજપૂત સમાજના સભ્યો પણ કેસરિયા સાફામાં ગગનભેદી જયઘોષ સાથે નગરયાત્રાએ નિકળ્યા ત્યારે સમગ્ર વાતાવરણ શૌર્યરસથી છલકાયું હતું.... (તસવીર : કશ્યપ નિમાવત)

## રાજ્યના દરિયાકાંઠા પર સુરક્ષા મજબૂત

### નૌકા સેનાના વડા આરકે ધવન દ્વારા પણ સુરક્ષાની વાત કરાઈ : સબમરીનની ગોઠવણીની કામગીરી અહીંથી થશે : આઠ કોસ્ટલ રડારથી દરેક પ્રવૃત્તિ ઉપર નજર

અમદાવાદ, તા.૯

પોરબંદરમાં દ્વારકા-૨ નેવલ બેઝનું સરદાર વલ્લભભાઈ પટેલ નામાભિધાન કરવાની ગૌરવવંતી ક્ષણોમાં નૌકા સેનાના વડા આરકે ધવન પણ ઉપસ્થિત રહ્યા હતા. ધવને કહ્યું હતું કે, નવા અને વ્યૂહાત્મકરીતે મહત્વપૂર્ણ નેવલ બેઝ આઈએનએસ સરદાર પટેલ શરૂ થયા બાદ ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયા કિનારાની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત થશે.

આ પ્રસંગે ઉપસ્થિત ચીફ ઓફ નેવલ સ્ટાફ રોબિન ધવને નૌકાદળના જવાનોની દેશ સેવા પ્રત્યે નિષ્ઠા સગર્વ જણાવી હતી અને કહ્યું કે, ગુજરાતના સાહરકાંઠાની સુરક્ષા સામેના પડકારોને ધ્યાને રાખી નૌકાદળ દ્વારા સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી છે. તેમણે ૨૬-૧૧નાં આતંકી હુમલામાં ગુજરાતના દરિયા કિનારાના ઉપયોગ બાદ આવી દેશ વિરોધી પ્રવૃત્તિ ડામવા બનાવેલી કમિટીનું કોર્ડીનેશન નૌકાદળને સોંપવામાં આવતું હતું. એના પગલે હવે વધુ આધુનિક સાધનો વડે સાગર તટની સુરક્ષા કરવામાં આવે છે એમ જણાવ્યું હતું. તેમણે એમ પણ જણાવ્યું કે ગુજરાતમાં સમુદ્ર માર્ગ

● અનુસંધાન પાન-૭ પર

## કચ્છમાં ૩.૪ની તીવ્રતા સાથે હળવો આંચકો

### વહેલી પરોઢે ૬.૩૨ વાગે હળવો આંચકો નોંધાયો : સવારે આંવેલા આંચકાનો અનુભવ મોટા ભાગના લોકોને ન થયું : ૨૫ એપ્રિલના દિવસે પણ આંચકો આવ્યો હતો

અમદાવાદ,તા.૯

ગુજરાતના કચ્છમાં આજે સવારે ૩.૪ની તીવ્રતા સાથે ભૂકંપનો હળવો આંચકો આવ્યો હતો. જો કે આ આંચકાનો અનુભવ મોટા ભાગના લોકોને થયો ન હતો. પરંતુ તંત્રમાં આ અંગેની જાણ થયા બાદ ફરીએકવાર ભાગદોડ વધી ગઈ છે. આ હળવા આંચકાના કારણે કોઈ પણ પ્રકારનુ નુકસાન થયું નથી પરંતુ સવારમાં લોકોમાં તેને લઈને ચર્ચા રહી હતી. ભારતીય ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે આંચકો સવારે ૬.૩૨ વાગે અનુભવાયો હતો. કેન્દ્ર જમીનની નીચે ૧૦ કિલોમીટર હોવાનુ જાણવા મળ્યું છે.હળવા આંચકાનુ કેન્દ્ર કચ્છ પ્રદેશ હતુ. અત્રે નોંધનીય છે કે હાલમાં ૨૫મી એપ્રિલના દિવસે નેપાળમાં ૭.૮ની તીવ્રતા સાથે પ્રચંડ આંચકો આવ્યો હતો. જેમાં હજુ સુધી ૮૦૦૦થી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. સાથે સાથે લાખો લોકોને આની અસર થઈ છે.

નેપાળમાં વિનાશકારી ભૂંકંપની અસર ભારત પર પણ નોંધાઈ હતી. ૨૫મીએ ભારતના મોટા ભાગના રાજ્યો પણ હચમચી ઉઠ્યા હતા. જેમા ગુજરાત અને અમદાવાદનો સમાવેશ થાય છે. એ દિવસે પ્રચંડ આંચકો રહ્યો હતો. તમામ ચીજવસ્તુઓ હચમચી ઉઠી હતી.

નેપાળમાં આંચકા બાદ તેની અસર હેઠળ ભારતના રાજ્યોમાં પણ ખુવારી થઈ હતી. જે પૈકી બિહારમાં સૌથી વધારે ૫૦થી વધારે લોકોના મોત થઈ ગયા હતા. આજે સવારે ગુજરાતના કચ્છના જુદા જુદા ભાગોમાં આ આંચકો અનુભવાયો હતો


પવિત્ર શ્રાવણ માસમાં
પુલહાશ્રમ યાત્રા
કાઠમંડુ - પશુપતિનાથ
અલ્હાબાદ - કાશી - અયોધ્યા
મનોકામના -છપૈયા - ગોરખપુર
ઉપડવાની તા. ૨૧.૦૯ અને ૧૮.૧૦
ભક્તિ ટુર્સ
9033394250 - 9898485949

Spot Loan
Available For
Government Employees
Pensioners
Contact
Sidharth Jain
7567245292

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ
સેક્ટર-૨૧, ગાંધીનગર
જૂન-૨૦૧૫થી ધો.૮ ગુજરાતી માધ્યમનો વધારાનો એક વર્ગ શરૂ કરવાથી હાલમાં પ્રવેશ ચાલુ છે. વિશેષમાં ધો.૧૧ (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ - અંગ્રેજી માધ્યમ) ગ્રાન્ટેડની મંજૂરી મળેલ છે. જેના પ્રવેશ બાબતે મે-૨૦૧૫ના છેલ્લા સપ્તાહમાં શાળાના નોટીસ બોર્ડ ઉપર જરૂરી સુચના મુકવામાં આવશે.
પ્રિન્સિપાલ
માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ,
સેક્ટર-૨૧, ગાંધીનગર

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં હોસ્ટેલ/PG
ફુલ ફેસેલીટી - RO Water, A.C./Non A.C.
રૂમ, સેપરેટ / શેરીંગ, સ્ટુડન્ટ્સ / નોકરિયાત
રહેવા - જમવાની સગવડ સાથે
ટીફીન સર્વિસ (શુદ્ધ અને સાત્વિક)
સરગાસણ ચોકડી પાસે
મો. ૯૮૯૮૫૬૧૩૭૨, ૯૮૯૮૮૨૯૯૯૭
નોંધ : અમારી બીજી બ્રાન્ચ અમદાવાદમાં છે.

TET-1 & 2
❑ જનરલ સ્ટડીઝ ❑ અંગ્રેજી
❑ ગણિતીક વિશ્લેષણ
❑ બુદ્ધિ ચાતુર્ય કસોટીઓ
❑ પ્રાથમિક વિજ્ઞાન ❑ શિક્ષણ
ફી માત્ર ₹ 18,000/-
TET 1 & 2ની બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
| --- | --- | --- |
| 14.05.2015 | બપોરના 3-00 થી 6-00 | સોમ થી શુક્ર |

સંપૂર્ણ સાહિત્ય ફ્રી પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788, 9537614606
રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી સાંજના 5-00
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે,
દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સે.7/A, ગાંધીનગર

જોઈએ છે
LED-TV • LCD-TV
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ
મો. : ૯૪૨૭૫ ૪૪૮૩૫





હવે મેળવો
11.06% દ.વ.*
વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને 8 વર્ષ 1 માસમાં બમણી કરો!!*
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825647075 / 9879204002 / 65730141
DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)
DCB BANK